# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/ક્વા-૦૪/૨૦૨૩-૨૪ / તા. 19 APR 2024

<u>રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત</u>

No 078

પ્રતિ,
ડોબરીયા ભાણાભાઈ ટપુભાઈ
મુળ દ્વારકાધીશ મંદિર પાછળ,
મુ. વિસાવાડા,તા. પોરબંદર
જી. પોરબંદર, પીનકોડ :૩૬૦૫૭૯ મોબાઈલ :૮૫૯૧૮૯૫૩૮૫

**વિષય : અમોએ મંગેલ થ્રી ફેઈઝ Ag-MSI (LTMD ટેરીફ) વીજ જોડાણ અંગે.**

**સંદર્ભે : ડોબરીયા ભાણાભાઈ ટપુભાઈ ની રજુઆત કર્યા તારીખ: ૨૦.૦૧.૨૦૨૪**

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૪૮/ક્વા-૦૪/૨૦૨૩-૨૪)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, પોરબંદર શહેર**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કોસ્ટલ,પોરબંદર**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/ક્વા-૦૪/૨૦૨૩-૨૪/ તા.

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૮/ક્વા-૦૪/૨૦૨૩-૨૪**

અરજદાર: શ્રી ડોબરીયા ભાણાભાઈ ટપુભાઈ, ગામ – વિસાવાડા,

સબડીવીઝન: કોસ્ટલ,પોરબંદર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, પોરબંદર શહેર,

**:: કોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : શ્રી વી.જી.મારકણા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ,વર્તુળકચેરી, જુનાગઢ

તારીખ: ૧૨-૦૩-૨૦૨૪ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૨-૦૩-૨૦૨૪ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ પીજીવીસીએલ પક્ષકાર હાજર રહેલ તેમજ અરજદાર શ્રી તરફ થી તેમના પ્રતિનિધિ હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમોએ વિસાવાડા મુકામે સરવે નંબર :૨૦૦૮/પૈકી ૧ વાળી ખેતીની જમીનમાં 30 KW નું Ag - MSI ટેરીફ હેઠળનું વિજ જોડાણ મેળવવા ઓન લાઈન એપ્લીકેશન તા. ૧૫-૧૨-૨૦૨૩ ના રોજ કરેલ, જેના નંબર ૩૨૩૫૭૦ જનરેટ થયેલ. અમારી આ ઓનલાઈન એપ્લીકેશન સાથે જોડેલ દસ્તાવેજો ચકાસણી કર્યા બાદ CPC, PGVCL રાજકોટ દ્વારા એસ.આર. નં. ૧૬૯૨૫૨૨૮ તા. ૧૬-૧૨-૨૦૨૩ના રોજ આપવામાં આવેલ. ત્યાબ બાદ અમોએ નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, કોસ્ટલ સ.ડી., પોરબંદર નો અમોએ રજીસ્ટ્રેશન ચાર્જ સેવ કરી આપવા માટે રૂબરૂ સંપર્ક કરેલ પરંતુ તેમના દ્વારા અમારી અરજી અંગેનો રજીસ્ટ્રેશન ચાર્જ સેવ કરી આપવામાં આવેલ નહિં અને અમારી અરજી સીસ્ટમમાં નોંધણી થયા સિવાયની પડી રહેલ છે.

હાલમાં રહેલ સીસ્ટમ મુજબ Ag - MSI અરજી અંગે CPC, PGVCL રાજકોટ દ્વારા એસ.આર. નં. જનરેટ થયા બાદ સબ ડિવીઝન લેવલે જો રજીસ્ટ્રેશન ચાર્જ સેવ કરી આપવામાં આવે તો જ અરજદાર અરજી અંગેનો રજીસ્ટ્રેશન ચાર્જ ભરપાઈ કરી શકે છે. નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, કોસ્ટલ સ.ડી., પોરબંદર દ્વારા અમારી અરજી અંગે CPC દ્વારા પાડવામાં આવેલ એસ.આર. નંબર અંગેનો રજીસ્ટ્રશન ચાર્જ સેવ કરી આપવામાં આવેલ નથી, અને નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, કોસ્ટલ સ.ડી., પોરબંદર ના પત્ર નં.CSD/HR/4113 તા. ૨૮.૧૨.૨૦૨૩ થી અમોને વિજ જોડાણ આપી શકાય નહિં તે મુજબનો પત્ર પાઠવવામાં આવેલ છે. નાયબ ઈજનેરશ્રી પીજીવીસીએલ, કોસ્ટલ સ.ડી., પોરબંદર દ્વારા જે પત્ર પાઠવવામાં આવેલ તે પત્રમાં સરકયુલર નં. જીયુવીએનએલટેક-આરએનઆર-૨૭૧૯ તા. ૩૦-૦૧-૧૭ નો ઉલ્લેખ કરેલ છે. જે સરકયુલર જ ખેતી વિષયક પરંતુ ખેતી માટે ઉપયોગમાં ન લેવાતી ઔદ્યોગીક/વાણીજય/એગ્રો ઈન્ડસ્ટ્રીઝના એકમો વગેરે તમામ પ્રકારના વિજ ગ્રાહકોને વિજ જોડાણો આપવા અંગેની સર્વ ગ્રાહી નીતિ અંગેનો છે અને અમોએ માંગેલ વિજ જોડાણ સદર સરકયુલર મુજબ જ માંગેલ છે. અને આ માટે જરૂરી દસ્તાવેજી પુરાવા ઓનલાઈન અરજી સાથે જોડયા બાદ, કોર્પોરેટ ઓફિસ લેવલે બનાવેલ CPC દ્વારા ચકાસણી કરીને પ્રમાણીત કરવામાં આવેલ હોય, નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, કોસ્ટલ સ.ડી., પોરબંદર દ્વારા સરકયુલરનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હોય તેમ ફલીત થાય છે. આ ઉપરાંત જીયુવીએનએલ/ટેક્ક/ડીઈ-૨/૧૪૮૨ તા. ૦૨-૦૯-૨૦૨૩ મુજબ પણ CPC દ્વારા જે અરજીઓની ચકાસણી સફળતાપુર્વક પુર્ણ કરવામાં આવી હોય, ત્યારે કોઈ વધારાના ડોકયુમેન્ટસ અરજદાર પાસેથી સબ ડિવીઝન ઓફિસ દ્વારા માંગવાના થતા નથી. જી.ઈ.આર.સી. સપ્લાય કોડ ૨૦૧૫ કલોઝ નં. ૪.૨૧ મુજબ અરજી ફોર્મ જરૂરી દસ્તાવેજો સાથે પુર્ણ હોય તો તરત જ રજીસ્ટ્રેશન ચાર્જ સ્વીકારવાનો થાય છે. અમારી અરજી CPC દ્વારા ચકાસણી કરી, એસ.આર. નં. જનરેટ કરવામાં આવેલ છે. આમ છતાં ના. ઈજનેરશ્રી પીજીવીસીએલ, કોસ્ટલ સ.ડી., પોરબંદર દ્વારા અમારી અરજીનો રજીસ્ટ્રેશન ચાર્જ ભરાવવામાં આવેલ નથી. આમ થવાથી અમારી અરજી સીસ્ટમમાં પેન્ડીંગ દેખાડતી નથી. અમારી અરજી રજીસ્ટ્રેશન કર્યા સીવાય અમોએ માંગેલ વિજ જોડાણવારા સ્થળનું બે વાર સર્વે કરવામાં આવેલ છે. સરકયુલર નં. જીયુવીએનએલટેક-આરએનઆર-૨૭૧૯ તા. ૩૦-૦૧-૧૭ માં દર્શાવેલ તમામ શરતો નું પાલન અમોએ કરેલ હોવા છતાં અમારી અરજી સ્વીકારવામાં આવેલ નથી. અમારી ઓનલાઈન અરજી CPC દ્વારા ચકાસણી કર્યા બાદ જ એસ.આર. નં. પાડવામાં આવેલ હોય, અમારી અરજી અંગેનો રજીસ્ટ્રેશન ચાર્જ સ્વીકારી, જી.ઈ.આર.સી. નોટીફીકેશન નં. ૨/૨૦૨૩ પારા નં. ૪.૧ મુજબ સાત દિવસની અંદર અમોને અંદાજપત્રક આપવા યોગ્ય હુકમ કરવા વિનંતી. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 કોસ્ટલ, પોરબંદર પેટા વિભાગીય કચેરી ના અરજદાર શ્રી ડોબરિયા ભાણાભાઈ ટપુભાઈ દ્વારા NRGP -30 KW નો ટ્રાન્સપોર્ટ ઓફીસના હેતુ માટે નવું વીજ જોડાણ ખેતીવાડી ની જમીન પર માંગેલ હતું અને તે અંગે ઓનલાઈન અરજી કરવામાં આવેલ હતી. પરંતુ નાયબ ઈજનેર કોસ્ટલ સબ ડીવીજન દ્વારા સદર જમીન બીનખેતી કરાવેલ ન હોય તેથી નવા વીજકનેક્શન માટે ની અરજીની પ્રોસેસ ન

કરતા અરજદારે નામદાર સીજીઆરએફ ને રજૂઆત કરેલ છે. આ કેસની સમગ્ર હકીકત નીચે મુજબ છે.

૩.૧ શ્રી ડોબરીયા ભાણાભાઈ ટપુભાઈ દ્વારા 30 KW ના NRGP હેતુ માટે ટ્રાન્સપોર્ટ ઓફીસના હેતુ માટે ખેતીવાડી જમીન પર નવું વીજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ હતી. પેટા વિભાગીય કચેરીના શ્રી નાયબ ઈજનેર કોસ્ટલ તેમજ શ્રી કાર્યપાલક ઈજનેર શહેર દ્વારા અરજદાર ના પ્રતિનીધીની હાજરીમાં રૂબર સ્થળ ખરાઈ કરવામાં આવેલ હતી. પરતું તે સમયેસ્થળ પર ટ્રાન્સપોર્ટ ઓફીસને લગતી કોઈ વિગત કે બાઉન્ડ્રી સ્થળ પર નક્કી થઈ શકેલ નહી તેથી કોસ્ટલ પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદાર શ્રી ને લેખિત જાણ કરવામાં આવેલ હતી, ફરી અરજદાર દ્વારા પેટા વિભાગીય કચેરી ખાતે તા : ૦૪-૦૧-૨૦૨૪ ના રોજ અરજી કરવામાં આવેલ ત્યારબાદ ફરીથી સ્થળ સર્વે કરવામાં આવેલ અને પેટા વિભાગીય કચેરી ના પત્ર ક્રમાંક CSD/TECH/344 DT : 16-01-2024 ના રોજ અરજદારને લેખિત જાણ કરવામાં આવેલ હતી.

૩.૨ ત્યારબાદ ફરી થી તા : ૧૭-૦૧-૨૦૨૪ ના રોજ પીજીવીસીએલ ના અધિકારીઓ દ્વારા હાજર પ્રતિનિધિની હાજરીમાં સ્થળ સર્વે ની કામગીરી કરવા માં આવેલ હતી પરતું અંરજદાર દ્વારા જે NRGP વીજ જોડાણ માંગવામાં આવેલ છે જે ટ્રાન્સપોર્ટ ઓફીસના હેતું માં માંગેલ છે જેGUVNL ના પરિપત્ર નંબર : GUVNL/TECH-2/1085 DT : 01-09-2017 તેમજ બીજા પરિપત્ર નંબર GUVNL/TECH/RNR-2719 DT : 30-01-2017 મુજબ ખેતીની જમીન બિનખેતી કરાવ્યા સિવાય એગ્રોબેઝ ઇન્ડસ્ટ્રીઝ તથા ખેતી સલગ્ન સિવાય લઘુ ઉધોગોને પ્રોત્સાહન આપવા ૨૪ કલાક ફીડર પર થી વીજ જોડાણ આપવાની જોગવાઈ છે. પરતું અરજદાર દ્વારા ટ્રાન્સપોર્ટ ઓફીસના હેતુ માટે NRGP 30 KW નું વીજ જોડાણ માંગવામાં આવેલ છે તે પીજીવીસીએલ ના નિયમો અનુસાર આપી શકાય તેમ ન હોય તેથી આ અંગે નો જરૂરીચુકાદો આપની કક્ષાએ થી અરજદારને પાઠવવા નમ્ર વિનંતી છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબનાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ની રજૂઆત મુજબ તા : ૧૭-૦૧-૨૦૨૪ ના રોજ પીજીવીસીએલ ના અધિકારીઓ દ્વારા હાજર પ્રતિનિધિની હાજરીમાં સ્થળ સર્વે ની કામગીરી કરવા માં આવેલ હતી પરતું અરજદાર દ્વારા જે NRGP વીજ જોડાણ માંગવામાં આવેલ છે જે ટ્રાન્સપોર્ટ ઓફીસના હેતુ માટે માંગેલ છે જે GUVNL ના પરિપત્ર નંબર : GUVNL/TECH-2/1085 DT : 01-09-2017 તેમજ બી પરિપત્ર નંબર GUVNL/TECH/RNR-2719 DT : 30-01-2017 મુજબ ખેતીની જમીન બિનખેતી કરાવ્યા સિવાય એગ્રોબેઝ ઇન્ડસ્ટ્રીઝ તથા ખેતી સલગ્ન સીવાય લઘુ ઉધોગોને પ્રોત્સાહન આપવા ૨૪ કલાક ફીડર પર થી વીજ જોડાણ આપવાની જોગવાઈ છે. પરતું અરજદાર દ્વારા ટ્રાન્સપોર્ટ ઓફીસના હેતુ માટે NRGP 30 KW નું વીજ જોડાણ માંગવામાં આવેલ છે.

૪.૨ સદર બાબતે અરજદાર શ્રી દ્વારા ઓનલાઈન અરજી સીપીસી ડિપાર્ટમેન્ટ માં કરેલ છે. અને તેઓ દ્વારા આ અરજી મંજૂર કરવામાં આવેલ છે પરંતુ પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી દ્વારા

પરિપત્ર નંબર : GUVNL/TECH-2/1085 DT : 01-09-2017 તેમજ બીજા પરિપત્ર નંબર GUVNL/TECH/RNR-2719 DT : 30-01-2017 મુજબ ઇનકાર કરવામાં આવેલ છે.

૪.3 સદર બાબતે જીયુવીએનએલ નાં પરિપત્ર નંબર : GUVNL/TECH-2/1085 DT : 01-09-2017 તેમજ પરિપત્ર નંબર GUVNL/TECH/RNR-2719 DT : 30-01-2017 મુજબ ખેતીની જમીન બિનખેતી કરાવ્યા સિવાય એગ્રોબેઝ ઇન્ડસ્ટ્રીઝ તથા ખેતી સલગ્ન સીવાય લધુ ઉધોગોને પ્રોત્સાહન આપવા ૨૪ કલાક ફીડર પર થી વીજ જોડાણ આપવાની જોગવાઈ છે. પરતું અરજદાશ્રી દ્વારા ટ્રાન્સપોર્ટ ઓફીસના હેતુ માટે NRGP 30 KW નું વીજ જોડાણ માંગવામાં આવેલ હોય તે મુજબ કનેક્શન આપી શકાય નહી. આ બાબતે અરજદારશ્રી ની નવા કનેકશનની માંગણી ગ્રાહય રાખી શકાય નહી.

૪.૪ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી વી.જી.મારકણા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહકફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરીજીલ્લા સેવા સદન-3, ત્રીજો માળ,બ્લોક નં. ૧, સરકારી પ્રેસ રોડ, ફોન નં.-૦૨૮૧-૨૯૯૪૧૨૫, રાજકોટ-૩૬૦૦૦૧